Crack GPSC

CURRENT DAILY

16 NOVEMBER 2026

DAILY CURRENT AFFAIRS



GIFT સિટીથી યુરોપિયન બજારોમાં રોકાણની તક




NSE International Exchange (NSEIX)ની સહાયક કંપની NSEIX Global Access IFSC Limited (NSEIXGA)એ ગુજરાતની GIFT City મારફતે સાત યુરોપિયન બજારોમાં રોકાણની સુવિધાનો વિસ્તાર કર્યો. આ બજારોમાં ફ્રાન્સ, જર્મની, આયર્લેન્ડ, ઇટાલી, નેધરલેન્ડ્સ, સ્વિટ્ઝર્લેન્ડ અને યુનાઇટેડ કિંગડમનો સમાવેશ થાય છે. આ સુવિધા હેઠળ 11,500થી વધુ સિક્યોરિટીઝ સુધી પહોંચ ઉપલબ્ધ થશે. NSEIXGA, IFSCAના નિયમનકારી માળખા હેઠળ નોંધાયેલું ભારતનું પ્રથમ Global Access Provider છે. GIFTનું પૂરું નામ Gujarat International Finance Tec-City છે. IFSCAની સ્થાપના 2020માં થઈ હતી.

સાંસ્કૃતિક વારસો: ડિજિટલ પ્રચાર કરશે Google



કેન્દ્રીય સંસ્કૃતિ મંત્રાલયે નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે 'Creative India: Collective Possibilities' પરિષદ યોજી હતી. તેનું ઉદઘાટન કેન્દ્રીય સંસ્કૃતિ મંત્રી ગજેન્દ્રસિંહ શેખાવતે કર્યું હતું. મંત્રાલયના પ્રકાશનમાં ભારતીય સાંસ્કૃતિક વારસાને વૈશ્વિક પ્રેક્ષકો સુધી પહોંચાડવા Google Arts & Culture સાથે નવા સમજૂતીપત્ર (MoU)નો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. પરિષદમાં સાંસ્કૃતિક વારસાના સંરક્ષણ, સર્જનાત્મક અર્થતંત્ર અને રોજગારી માટે સરકાર, ખાનગી ક્ષેત્ર, સાંસ્કૃતિક સંસ્થાઓ તથા પરોપકારી સંગઠનો વચ્ચે ભાગીદારી વધારવા પર ભાર મૂકાયો. 'Adopt a Heritage' પહેલ હેઠળ 66 સ્મારકોમાં ભાગીદારી આધારિત કામગીરી ચાલી રહી છે.

Paytmને ડિજિ. વૉલેટ માટે RBIની પ્રાથમિક મંજૂરી



RBIએ Paytm Payments Services Ltdને ડિજિટલ વૉલેટ સહિત Prepaid Payment Instruments (PPIs) જારી કરવા માટેની પેમેન્ટ સિસ્ટમ શરૂ કરવા સૈદ્ધાંતિક મંજૂરી આપી. PPSL, One97 Communicationsની સંપૂર્ણ માલિકીની સહાયક કંપની છે. આ મંજૂરી Paytm પેમેન્ટ્સ સર્વિસિસને મળી છે, જ્યારે અલગ સંસ્થા Paytm પેમેન્ટ્સ બેંકનું બેંકિંગ લાઇસન્સ RBIએ અગાઉ રદ કર્યું હતું. જોકે કંપની RBIની અંતિમ અધિકૃતતા મળ્યા પછી જ PPIs શરૂ કરી શકશે. PPIsમાં અગાઉથી સંગ્રહિત થયેલ મૂલ્યનો ઉપયોગ પેમેન્ટ માટે થાય છે. Payment and Settlement Systems Act, 2007 પેમેન્ટ સિસ્ટમ્સના નિયમન સાથે સંબંધિત છે.

Ola પર પ્રી-રાઇડ ટિપ બદલ ₹10 લાખનો દંડ



કેન્દ્રીય ગ્રાહક સંરક્ષણ પ્રાધિકરણ (CCPA)એ Olaનું સંચાલન કરતી ANI ટેકનોલોજીસ પ્રા. લિ. પર ₹10 લાખનો દંડ લાધો. Olaની એપમાં મુસાફરી પહેલાં વધારાની 'ટિપ' અથવા 'એડ-ઑન' રકમ ચૂકવવાથી ઝડપથી કેબ મળી શકે તેવી રજૂઆત થતી. CCPAએ તેને ગેરમાર્ગે દોરતી અયોગ્ય વેપાર પ્રથા અને Dark Pattern ગણાવી. CCPAએ મુસાફરી પૂર્ણ થાય તે પહેલાં નક્કી કરેલા ભાડા ઉપરાંત વધારાની ચુકવણી માગતા આવા સંદેશા, પૂર્વનિર્ધારિત રકમો અને ઇન્ટરફેસ ડિઝાઇન બંધ કરવાનો આદેશ આપ્યો. CCPAએ અગાઉ Rapido પર પણ ₹10 લાખનો દંડ લાધો હતો. CCPAની રચના કન્ઝ્યુમર પ્રોટેક્શન એક્ટ, 2019 હેઠળ કરવામાં આવી છે.

મૈસૂરમાં ભારતનું પ્રથમ LED ડોમ પ્લેનેટેરિયમ



વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કર્ણાટકના મૈસૂર ખાતે COSMOS–Mysuru Planetariumનું ઉદઘાટન કર્યું. PMO પ્રકાશન અનુસાર તે ભારતનું પ્રથમ LED ડોમ પ્લેનેટેરિયમ છે. આ સુવિધા Indian Institute of Astrophysics (IIA) દ્વારા મૈસૂર યુનિવર્સિટી કેમ્પસમાં, ચામુંડી ટેકરીઓની તળેટીમાં વિકસાવવામાં આવી. પરંપરાગત પ્લેનેટેરિયમમાં પ્રોજેક્ટર દ્વારા ગુંબજ પર દૃશ્યો દર્શાવાય છે, જ્યારે અહીં LED પેનલથી બનેલા ગુંબજ પર સીધું દૃશ્યાત્મક પ્રદર્શન થાય છે. તેનો હેતુ વિધાર્થીઓ અને સામાન્ય નાગરિકોમાં ખગોળવિજ્ઞાન, અવકાશ અને બ્રહ્માંડ પ્રત્યે રસ વધારવાનો છે. LEDનું પૂરું નામ Light Emitting Diode છે.

કચ્છ કોપર અને ચિલીની કોડેલ્કો વચ્ચે MoU



અદાણી એન્ટરપ્રાઇઝિસની પેટાકંપની કચ્છ કોપર લિ. (KCL) અને ચિલીની સરકારી તાંબા ઉત્પાદક કંપની કોડેલ્કો (Codelco)એ ઉત્તર ચિલીના કાબુર્કાલા (Kaburkaala) તાંબા પ્રોજેક્ટ માટે સમજૂતીપત્ર (MoU) પર હસ્તાક્ષર કર્યા. આ પ્રોજેક્ટ એન્ટોફાગાસ્ટા પ્રદેશના કાલામા ખાણકામ જિલ્લામાં આવેલો છે. આ ભાગીદારીથી ભવિષ્યમાં ચિલીનાં તાંબા સંસાધનોને KCLના તાંબું ગાળવાના મુન્દ્રા સ્થિત સંકુલ સાથે જોડવાની શક્યતા ઊભી થાય છે. Codelco ચિલીની સરકારી તાંબા ઉત્પાદક કંપની છે અને તેનું પૂરું નામ Corporación Nacional del Cobre de Chile છે. ચિલી દક્ષિણ અમેરિકામાં આવેલો દેશ છે અને તેની રાજધાની સેન્ટિયાગો છે.

IIT મદ્રાસે નેવિગેશન માટે SEANAV વિકસાવ્યું



IIT મદ્રાસના ઓશન એન્જિનિયરીંગ વિભાગે 'SEANAV' નામનું રિયલ-ટાઇમ ડિજિટલ ટ્વિન પ્લેટફોર્મ વિકસાવ્યું છે. જે વાસ્તવિક દરિયાઈ પરિસ્થિતિઓ જેવા વર્ચ્યુઅલ વાતાવરણમાં સ્વાયત્ત જહાજોની નેવિગેશન પ્રણાલીઓનું પરીક્ષણ, ચકાસણી અને તાલીમ શક્ય બનાવે છે. તેમાં જહાજોની હિલચાલ, દરિયાનાં મોજાં, સેન્સર અને અન્ય જહાજોની અવરજવરની પરિસ્થિતિઓનું અનુકરણ કરી શકાય છે. સંશોધકોએ સ્વાયત્ત રીતે માર્ગ અનુસરવા અને AIની મદદથી અથડામણ ટાળવાની કામગીરી દર્શાવી છે. SEANAV નામ Sea Navigation પરથી બનેલું છે. Digital Twin એટલે વાસ્તવિક વસ્તુ અથવા પ્રણાલીની ડિજિટલ પ્રતિકૃતિ.